# ગૂજરાત વિદ્યાપીઠ મંડળ : અમદાવાદ

## મંડળના સભ્યોનું પ્રતિજ્ઞાપત્ર

હું નીચે સહી કરનાર આથી પ્રતિજ્ઞા કરું છું કે, ગૂજરાત વિદ્યાપીઠના બંધારણની કલમ-૩ (ક) માં દર્શાવેલ નીચેનાં ધ્યેયો મને માન્ય છે. તે પ્રમાણે હું પોતે ચાલીશ અને વિદ્યાપીઠનું તંત્ર ચલાવીશ.

૧. વિદ્યાપીઠનું મુખ્ય કામ મહાત્મા ગાંધીજીએ આપેલા આદર્શો પ્રમાણે દેશનું નવઘડતર કરવાને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.

૨. વિદ્યાપીઠના શિક્ષકો અને સંચાલકો અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.

૩. વિદ્યાપીઠ તરફથી ચાલતી તથા તેણે માન્ય કરેલી સંસ્થાઓના સંચાલકો અને શિક્ષકો અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હશે અને કોઈ પણ બાળક કે બાળાને અસ્પૃશ્ય હોવાને કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણૂક રાખવામાં નહિ આવે.

૪. વિદ્યાપીઠને અંગે કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો તથા માન્ય કરેલી સંસ્થાઓ વગેરે રેંટિયાની પ્રવૃત્તિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત રીતે કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હશે.

૫. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ દેવામાં આવશે અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.
સમજૂતી : બીજી ભાષાઓ શીખવતાં તે જ ભાષાને વાપરવામાં બાધ નહિ ગણાય.

૬. વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા હિન્દી-હિન્દુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.
નોંધ : હિન્દી-હિન્દુસ્તાની એ ભાષા કે જે ઉત્તરમાં સામાન્ય હિન્દુ-મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે.

૭. વિદ્યાપીઠમાં ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણના જેટલું જ મહત્વ આપવામાં આવશે અને રાષ્ટ્રના પોષક જે જે ઉદ્યોગો છે તેને સ્થાન આપવામાં આવશે બીજાને નહિ.

૮. ભારતવર્ષનો ઉત્કર્ષ શહેરો ઉપર નહિ પણ ગામડાંઓ ઉપર અવલંબે છે. તેથી વિદ્યાપીઠના મોટા ભાગના દ્રવ્યનો અને વિદ્યાપીઠના શિક્ષકોનો મુખ્ય ઉપયોગ ગામડામાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવામાં થશે.

૯. કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે.

૧૦. વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં ઘણા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર હશે અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવશે.

૧૧. પ્રજાના શારીરિક વિકાસને અર્થે વ્યાયામ અને અંગમહેનતની તાલીમ વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

સરનામું :-

તા.  -  -

સહી